ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરની કચેરીને માનવ અધિકારના પ્રચાર-પ્રસાર માટે સને ૨૦૨૩-૨૪માં થનાર રૂા.૨૦.૦૦ લાખની જોગવાઇને ખર્ચ કરવાની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- જીએચઆર/૧૦૨૦૧૯/૧૦૫/મા.અ
સચિવાલય, ગાંધીનગર.
તા. 28 APR 2023

વંચાણે લીધા:-

અંદાજપત્રના પ્રકાશન નં : ૧૨, ગૃહ વિભાગનું ૨૦૨૩-૨૪ના વર્ષનું અંદાજપત્ર.

ઠ રા વ :-

નાણાંકીય વર્ષ : ૨૦૨૩-૨૪ના અંદાજપત્રના પ્રકાશન નં : ૧૨ માં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગરની કચેરીની માનવ અધિકારના પ્રચાર –પ્રસાર માટેની ચાલુ બાબત માટે રૂા.૨૦.૦૦ લાખ (અંકે રૂપીયા વીસ લાખ)ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ચાલુ બાબતની ઉકત જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક -૪૬, મુખ્ય સદર -૨૦૬૨ - ૦૦ – ૧૦૪ -૦૨ અન્ય વહિવટી સેવાઓ, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની કચેરીની માનવ અધિકારના પ્રચાર –પ્રસાર માટેની ચાલુ બાબત તરીકે કુલ રૂા.૨૦.૦૦/- લાખની થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૫. આ ઠરાવ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (ગૃહ)ની તા.૧૧/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.જી.સોલંકી)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં-૧, પાંચમો માળ, સેકટર-૧૦, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ક-ગ), સામાન્ય વહિવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, ગુજરાત રાજય, સેકટર-૧૮, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબી અધિકારી, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, (બજેટ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારશ્રી (ગૃહ), I.T- શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ